**<u>ક્રિમીનલ કેસ નં.૨૬૬/૨૦૨૬ ના કામે આંક–1 અન્વયે હુકમ</u>**

1. સાંભળ્યા, કેસનું રેકર્ડ વંચાણે લેતા ક્રિમીનલ પ્રોસીજર કોડ, 1973 ની કલમ–154 મુજબ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ફર્સ્ટ ઇન્ફોર્મેશન રીપોર્ટ (એફ.આઇ.આર)નાં અનુસંધાને તપાસ કરનાર અધિકારીએ તપાસનાં અંતે આ કામનાં આરોપી વિરુધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટ, 1949 ની કલમ–૬૬.૧.બી, ૮૫.૧ હેઠળ સજાપાત્ર ગુનાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.
2. આરોપીને ધોરણસરની બજવણી થતા આરોપી કોર્ટ રુબરુ હાજર જઇ પોતે સ્વૈચ્છાપુર્વક ગુના કબુલાત અંગેની પુરસીસ આપેલ છે. જેમા તેઓએ જણાવેલ છે કે પોતાનો પ્રથમ ગુનો છે તથા ભવિષ્યમા ગુનો કરશે નહી તેવી ખાત્રી આપી આ ઉપરાંત ગરીબ વર્ગના હોવાનુ તથા ઘરમા ભરણપોષણ કરનાર એક વ્યકતી હોવાની રજુઆત કરેલ છે. તેમજ આરોપીનુ નિવેદન લેવામાં આવેલ જેમા આરોપીએ ગુનાની કબુલાત કરતા ફરીયાદ પક્ષના પુરાવા માટે કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ નથી.
3. સદર કેસમાં રજૂ તમામ પોલીસ પેપર્સ અને અન્ય દસ્તાવેજી પુરાવાઓને ખૂબ જ ધ્યાનથી અને બારીકાઇથી લક્ષમાં લેવામાં આવે તો આરોપી કયા પ્રકારનો બકવાસ કરતા હતા, તેઓ જાહેરમાં દારૂ પીને કયા પ્રકાને ઉપદ્રવ મચાવી રહ્યા હતા અથવા તો કોઇ સ્ત્રી સાથે અભદ્ર વ્યવહાર કર્યો હોય કે દારૂ પીને કોઇ સાથે જાહેરમાં ઝઘડો કે અન્ય કોઇ અપકૃત્ય કર્યુ હોય તેવુ ફલિત થતુ નથી.
4. નામ. કેરાલા હાઇકોર્ટના સંતોષ વિ. સ્ટેટ ઓફ કેરાલાનો ચુકાદો ૨૦૦૩(૧), કે.એલ.જે. પાના નં.૭૯૫ ઉપર પ્રસીધ્ધ થયેલ. જેમા નામ. કેરાલા હાઇકોર્ટ તથા નામ. અલ્હાબાદ હાઇકોર્ટના રામકીશન વિ. સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશના ૧૯૯૬ના સી.આઇ.આઇ.એલ. પાના નં.૪૪૬૦ ઉપર પ્રસીધ્ધ થયેલ ચુકાદા ઉપર આધાર રાખી ઠરાવવામાં આવેલ છે કે, આરોપી પોતાનો કેસ ચલાવવાની માંગણી પરત ખેંચી, ટ્રાયલ દરમ્યાન કોઇપણ તબ્બકે ગુનો કબુલ કરી શક છે. નામ. હાઇકોર્ટના સદરહું ચુકાદાને ધ્યાને લેતા, આરોપીને નવેસરથી તેના આક્ષેપો સમજાવી જવાબ લેતા આરોપીએ કબુલાત આપેલ છે. અત્રેની અદાલતે આરોપીને સજાની જોગવાઇઓ અંગે સમજાવવા છતા તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં આરોપીએ સ્વૈચ્છાપુર્વક ગુનો કબુલ કરેલ છે અને પરીવારની જવાબદારીવાળા વ્યકતી છે અને ઘરમાં એકમાત્ર કમાનાર વ્યકતી છે. ભવિષ્યમાં આવો ગુનો નહી કરે તેવી ખાત્રી આપી રહેમ કરવા રજુઆત કરેલ છે.

**5.** સદર કેસનુ રેકર્ડ ધ્યાને લેતા, આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લીધી. તેમજ ઉપરોકતમા કરેલ વિગતવારની ચર્ચ ા લક્ષમા લેતા, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ: ૨૬૨ હેઠળ આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ની કલમ: ૮૫.૧ હેઠળ સજા પાત્ર ગુનાના કામે ડીસ્ચાર્જ કરવાનો હુકમ કરવો ન્યાયોચીત જણાય છે. તેમજ નામ. ગુજરાત હાઇકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.અ ેલઆ.ર પાના નં.૭૧૯ ઉપર પ્રસીધ્ધ થયેલ ચુકાદો વંચાણે લેતા, પ્રોહીબીશન એકટનલ કલમ: ૬૬.૧.બી આરોપીએ ગુના કબુલાતની પુરસીસમા જણાવેલ કારણો યોગ્ય અને ન્યાયી જણાઇ આવે છે. આ કાયદો રીફોરમેટીવ હેતુ લક્ષમા રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

- ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ: ૨૬૨ હેઠળ આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટ, 1949 ની કલમ–૮૫.૧ હેઠળ સજાપાત્ર ગુનાનાં કામે ડિસ્ચાર્જ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા ઉપરોક્ત જણાવેલ કારણથી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૮(૧)ની જોગવાઇ હેઠળ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(1)(બી) મુજબ સજાપાત્ર ગુના અન્વયે આરોપીએ તે ગુનો કબૂલ કરેલ હોય રૂ.100/– (રૂપિયા એકસો પુરા)નાં દંડની સજાનો હુકમ કરવામાં આવે છે અને આરોપી જો દંડની રકમ ન ભરે તો દિન–1 ની સાદી કેદની સજા કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશ્યલ મેજીસ્ટ્રરીયલ સીટીંગમાં તા.૧૪મી, માહે: માર્ચ, સને:૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવેલ છે.

તારીખઃ ૧૪/૦૩/૨૦૨૬
સ્થળઃ રાજકોટ.

(દિપાલી દીનેશચંદ્ર શાહ)
બીજા અધિક જ્યુ.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
રાજકોટ. જજ કોડ નં.જીજે.૦૧૫૫૧

**ફોજદારી દંડની રકમ રૂા. ૧૦૦/– એકસો પુરા**
**દંડની પહોંચ નં. ........... તા.   /   /૨૦૨૬**
**થી વસુલ લીધી.**

**નાજીર/સુપ્રી.**
**ચીફ જ્યુડી. મેજી. કોર્ટ, રાજકોટ.**